| | | | | |
|---|---|---|---|---|
| Received on | 23-08-2024 | | | |
| Registered on | 23-08-2024 | | | |
| Decided on | 13-03-2026 | | | |
| Duration | Yr. | Mo. | Ds. | |
| | 01 | 06 | 18 | |



सत्यमेव जयते

## કઠલાલના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં.
## કઠલાલ પો.સ્ટે પાર્ટ એ ગુ.ર.નં.૧૧૨૦૪૦૨૭૨૪૦૦૩૭/૨૦૨૪

**ફોજદારી કેસ નં. ૫૧૦/૨૦૨૪**

**આંકઃ**

**શ્રી સરકાર .................ફરીયાદી**

**વિરૂધ્ધ**

**પરેશભાઈ પરસોત્તમભાઈ મુલચંદાણી**
**રહે.જુલેલાલ સોસાયટી, એફ.સી.આઈ. ગોડાઉનની સામે,**
**તા.જી.ગોધરા. ......આરોપી**

| | |
|---|---|
| ગુન્હો | આઈપીસીની કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ |
| રજૂઆત | |

| | |
|---|---|
| શ્રી સરકાર તર્ફે | વિ.એ.પી.પી.શ્રી ડી. બી. ચૌહાણ |
| આરોપી તર્ફે | વિ.વ.શ્રી એ.સી.પંડયા |

## ફોજદારી મેન્યુઅલના નિયમ–૧૭૯ (એ) મુજબ નમુના–બી નું પત્રક

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૨–૦૧–૨૦૨૪ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૨–૦૧–૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૨૩–૦૮–૨૦૨૪ |
| ચાર્જફ્રેમ કર્યાની તારીખ | ૨૩–૦૮–૨૦૨૪ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૨૨–૧૦–૨૦૨૪ |
| ઠરાવની તારીખ | ૧૩–૦૩–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો | ૧૩–૦૩–૨૦૨૬ |

**આરોપીની વિગત દર્શાવતું પત્રક**

| આરોપીનો ચાર્જશીટ મુજબ નંબર | આરોપીનું નામ | આરોપીઓ અટક કર્યાની તારીખ | આરોપીઓ જામીન મુક્ત કર્યાની તારીખ | કયા ગુન્હાનું તહોમત છે | છોડી મુક્યા કે સજા ફરમાવી | ફરમાવવામાં આવેલ સજા | સી.આર.પી.સી કલમ–૪૮૨ના હેતુ માટે, ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન કેટલા સમયગાળા માટે અટક હતા |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | પરેશભાઈ પરસોત્તમભાઈ મુલચંદાણી | ૨૫–૦૧–૨૦૨૪ | ૨૫–૦૧–૨૦૨૪ | આઈપીસીની કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમ.વી. એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ | સજા ફરમાવેલ | ઈ.પી.કો. કલમ–૨૭૯ માં ૬ માસ ઈ.પી.કો. કલમ–૩૦૪(એ)માં બે વર્ષ, ઈ.પી.કો. કલમ–૩૩૭માં ત્રણ માસ,. એમ.વી.એક્ટની કલમ–૧૩૪ના ભંગ બદલ ઈ.પી.કો. કલમ–૧૮૭માં ૩ માસ | |

## <u>ઠરાવ</u>

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૨–૧–૨૦૨૪ના કલાક ૯.૦૦ વાગ્યાના સુમારે મોજે લાડવેલ હનુમાનજી મંદિરની સામે ઈન્દોર–અમદાવાદ હાઈવે રોડ ઉપર તા.કઠલાલ, જી.ખેડા ખાતે પોતાની ફોર વ્હીલ કાર કીયા સેલ્ટોસ નં.જીજે.૦૧.કે.ડબલ્યુ.૯૨૪૫ ની બેફીકરાઈ અને ગફલતભરી રીતે ચલાવી રોડ ક્રોસ કરતા ફરીયાદીના પૌત્ર ઉત્તમ ઉં.વ.૦૯ને ટક્કર મારી શરીરે માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નીપજાવી નાસી જઈ અને પાછળથી પકડાઈ જઈ ગુન્હો કરેલ છે, તે મતલબની ફરીયાદીએ ફરીયાદ નોંધાવતા કઠલાલ પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૨૦૪૦૨૭૨૪૦૦૩૭/૨૦૨૪ થી

નોંધાવતા તપાસના અંતે તપાસ કરનાર અમલદારે આરોપી વિરૂધ્ધ અત્રેની અદાલતમાં આઈપીસીની કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે, જેને ફોજદારી કેસ નં.૫૧૦/૨૦૨૪ થી નોંધવામાં આવેલ છે.

(૨) હાલના કામના આરોપી સામે ચાર્જશીટ રજુ થતા, આરોપી સામેના ઉપરોકત ગુનાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ કરતા આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતા તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ આંક–૩ થી ગુના સંબંધે આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ નં. | આંક | સાક્ષી | નામ |
|---|---|---|---|
| ૧ | ૦૬ | ફરીયાદી | અમરસિંહ કોદરભાઈ પરમાર |
| ૨ | ૦૯ | સાહેદ | સંજયકુમાર અમરસિંહ પરમાર |
| ૩ | ૧૦ | સાહેદ | રતનસિંહ મેલાભાઈ પરમાર |
| ૪ | ૧૧ | પંચ | પ્રદિપકુમાર મહેન્દ્રભાઈ પરમાર |
| ૫ | ૧૩ | પંચ | મહેન્દ્રભાઈ છગનભાઈ પરમાર |
| ૬ | ૧૫ | સાહેદ | પટેલ જયંતિભાઈ મથુરભાઈ |
| ૭ | ૧૯ | ત.ક.અમલદાર | પીઆઈ વિધી શશીકાન્ત પરમાર |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ નં. | આંક | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| ૧ | ૦૭ | ફરીયાદ |
| ૨ | ૧૨ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૬ | ઈજા પામનારનું સારવાર સર્ટિફીકેટ |
| ૪ | ૧૭ | પી. એમ. નોટ |
| ૫ | ૧૮ | ઈન્કવેસ્ટ પંચનામું |
| ૬ | ૨૦ | ટેલીફોન વર્ધી |

| | | |
|---|---|---|
| ૭ | ૨૧ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૮ | ૨૨ | એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ |

(૪) આ કામે ફરીયાદપક્ષે મહત્વના સાહેદને તપાસ્યા બાદ અને મુળ ફરીયાદી તરફે તેઓ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખિક રીતે પુરાવો પૂરો થયાનું જણાવેલ હોય તેમજ કેસના સંજોગો ધ્યાને લેતાં, ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓ તપાસવાથી પણ કેસની હકીકતો નિઃશંકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમાં, નામદાર સુપ્રિમ કોર્ટના ૧૯૯૬(૩), ક્રાઈમ્સ, ૮૫, "સતીષ મહેરા વિ.દિલ્હી એડમીનીસ્ટ્રેશન" તથા (૨૦૦૮) ૯, એસ.સી.સી., ૬૭૭, "નિખિલ મર્ચન્ટ વિ.સી.બી.આઈ." તથા (૨૦૦૮)૪, એસ.સી.સી., ૫૮૨, "મદનમોહન વિ. સ્ટેટો ઓફ પંજાબ"ના ચુકાદાઓમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિદ્ધાંત કે, ફરીયાદી જયારે વધુ પુરાવો આપવા માંગતા નથી તેવી હકીકત જણાવતા હોય તેવા સંજોગોમાં કોર્ટે આવા પ્રોસીડીંગ્સ આગળ ચલાવવા ફયુટાઈલ એકસરસાઈઝ કરવી ન જોઈએ તે સિદ્ધાંત ધ્યાને લઈ, ફરીયાદપક્ષનો પુરાવો પૂરો કરવામાં આવે છે.

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થતા, આ કામે આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે. વધુમાં તેઓએ કહેવાતો કોઈ ગુન્હો કરેલ ન હોઈ ખોટી ફરીયાદ દાખલ કરી ખોટી ચાર્જશીટ દાખલ કરેલાનું જણાવેલ છે. તેમજ તેઓએ આવો અકસ્માત કરેલ ન હોય નિર્દોષ હોઈ છોડી મુકવાની અરજ કરેલ છે.

(૬) ત્યારબાદ આ કામમાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ડી. બી. ચૌહાણ તથા આરોપી તરફે વિ.વ.શ્રી સી. જી. પંડ્યાનાઓની દલીલો સાંભળવામાં આવેલ છે.

જેમાં વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામે ફરીયાદીનો મૌખિક પુરાવો આંક-૬ થી રેકર્ડ ઉપર આવેલ છે અને તેઓના પુરાવા ઉપરથી આંક-૭ થી રેકર્ડ ઉપર આવેલ ફરીયાદીને સંપુર્ણ સમર્થન પ્રાપ્ત થાય છે અને તેઓના પુરાવા ઉપરથી આ કામે આરોપીએ તેઓના હવાલા વાળી

કીયા સેલ્ટોસ કાર જેનો નં.જીજે.૦૧.કે.ડબ્લ્યુ.૯૨૪૫ લાડવેલ હનુમાનજીના મંદિરની સામે, ઈન્દોર–અમદાવાદ હાઈવે રોડ ઉપર બેફીકરાઈ અને ગફલતભરી રીતે ચલાવી રોડ ક્રોસ કરતા ફરીયાદીના પૌત્રને ટક્કર મારેલ અને જેના લીધે ફરીયાદીના પૌત્રને માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલ તથા તેના કારણે તેઓનું મૃત્યુ થયેલ, જે રેકર્ડ પર આવેલા પુરાવાથી પુરવાર થાય છે. તેમજ આ કામે નજરે જોનાર આંક–૯ તથા આંક–૧૦ થી સાહેદોનો પણ મૌખિક પુરાવાથી પણ આ કામે ફરીયાદીના પુરાવાને તથા રેકર્ડ ઉપર આવેલ ફરીયાદને પણ સમર્થન પ્રાપ્ત થાય છે. આ કામે આંક–૧૧ થી પંચ સાહેદનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે તે પુરાવા મુજબ પણ અકસ્માત થયેલ હોવાનું રેકર્ડ પર જણાઈ આવે છે. તેમજ આ સિવાય આંક–૧૫ થી રેકર્ડ પર આવેલ સાહેદનો પુરાવો ધ્યાને લેતા તેઓ નજરે જોનાર સાહેદ નથી, પરંતુ તેઓએ તેમની માલિકીની કીયા સેલ્ટોસ ગાડી જેનો નં.જીજે.૦૧.કેડબ્લ્યુ.૯૨૪૫ તેઓના ડ્રાઈવર એટલે કે આ કામના આરોપીને ચલાવવા માટે આપેલ હોવાનું તથા આરોપીએ અકસ્માતની વિગતો તેમને જણાવેલ હોવાનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે, તે ઉપરાંત અન્ય દસ્તાવેજી પુરાવાઓ પણ ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો જણાઈ આવે છે અને તે તમામ પુરાવા કરતા વિરૂધ્ધનો કોઈ પુરાવો આરોપી તરફે રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી અને તેવા સંજોગોમાં તેઓનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો નહીં નોંધવાનું કોઈ કારણ નથી. તેમજ આ કામે આંક–૧૬ થી મરણજનારનું મેડિકલ સર્ટિફીકેટ તથા આંક–૧૭ થી પી.એમ. નોટ, આંક–૧૮ થી મરણોત્તર પંચનામું આરોપીપક્ષે કબૂલ કરતા રેકર્ડ પર આવેલ અને તે દસ્તાવેજો ધ્યાને લેતા તેના ઉપરથી પણ અકસ્માત થયેલ હોવાનું અને તે અકસ્માતના કારણે ફરીયાદીના પૌત્રને માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલ હોવાનું તથા શરીરે પણ ઈજાઓ થયેલ હોવાનું પુરવાર થાય છે. આમ, આરોપીએ પોતાના હવાલા વાળી કીયા સેલ્ટોસ ગાડી બેફીકરાઈ અને ગફલતભરી રીતે ચલાવી બનાવવાળી જગ્યાએ રોડ ક્રોસ કરતા ફરીયાદીના પૌત્ર ઉત્તમને ટક્કર મારી શરીરે માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવેલ હોવાનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. આમ, આરોપી વિરૂધ્ધ રેકર્ડ ઉપર પુરતો પુરાવો મળી આવતો હોઈ આરોપીને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવવા દલીલ કરેલ છે.

જયારે આરોપીના વિ.વ.શ્રી સી. જી. પંડ્યાનાઓએ દલીલ કરેલ છે કે, આ કામના ફરીયાદી ગામના સરપંચ છે. બનાવવાળા દિવસે અયોધ્યા મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા હોવાથી ઘણા બધા માણસો બનાવવાળી જગ્યાએ ભેગા થયેલ હતા. બનાવવાળી જગ્યા બાલાસિનોર–ગોધરા હાઈવે હોઈ ઘણા બધા માણસોની અવરજવર ચાલુ રહેતી હોય છે. આ કામના ફરીયાદીએ બનાવવાળી જગ્યાએ ૫૦૦ થી ૧૦૦૦ માણસોનું ટોળું હોવાની વાત સ્વીકારેલ છે. ફરીયાદપક્ષના પુરાવામાં લાલ વાહન હોવાનું જણાવેલ છે, પરંતુ વાહન ઓરેન્જ કલરનું હોઈ આ કામના આરોપી કે તેઓની કાર બનાવમાં સામેલ હતા નહીં. વધુમાં આ કામે રેકર્ડ પર આવેલ નજરે જોનાર સાહેદોનો પુરાવો ધ્યાને લેતા તેઓએ બનાવ સમયે પોલીસે કોઈ નિવેદન લીધેલ નહીં હોવાનું સ્વીકારેલ છે. વધુમાં આ કામે રેકર્ડ પર આવેલ પંચ સાહેદોએ બનાવવાળી જગ્યાને સમર્થન આપેલ નથી તથા હોસ્ટાઈલ થયેલ છે તેમજ ફરીયાદી તથા અન્ય સાહેદોના પુરાવા પરથી હાલના આરોપીએ તેઓની હવાલા વાળી કીયા સેલ્ટોસ કાર બેફીકરાઈ અને ગફલતભરી રીતે ચલાવી અકસ્માત કરેલ હોય તે હકીકત પુરવાર થતી નથી. આમ, ઉપરોકત મુજબના પુરાવાના આધારે આરોપી વિરૂદ્ધનો પુરાવો પુરવાર થતો નથી. તેમજ આરોપી તેઓની હવાલાવાળી કીયા સેલ્ટોસ કાર બેફીકરાઈ રીતે ચલાવી અકસ્માત કરી ફરીયાદીના પૌત્રને શરીરે તથા માથે ગંભીર ઈજાઓ પહોંચાડેલ તે શંકા રહિત પુરવાર થતું ન હોઈ તેથી આરોપીને શંકાનો લાભ આપી સદર ગુન્હાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવા દલીલ કરેલ છે.

**(૭)** ઉપરોકત તમામ સંજોગોમાં કેસના મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દાઓ</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંક રીતે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૨–૧–૨૦૨૪ના કલાક ૯.૦૦ વાગ્યાના સુમારે મોજે લાડવેલ હનુમાનજી મંદિરની સામે ઈન્દોર–અમદાવાદ હાઈવે રોડ ઉપર તા.કઠલાલ, જી.ખેડા ખાતે પોતાની ફોર વ્હીલ કાર કીયા સેલ્ટોસ નં.જીજે.૦૧.કે.ડબલ્યુ.૯૨૪૫ ની બેફીકરાઈ અને ગફલતભરી રીતે

ચલાવી રોડ ક્રોસ કરતા ફરીયાદીના પૌત્ર ઉત્તમ ઉં.વ.૦૯ને ટક્કર મારી શરીરે માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી નાસી જઈ અને પાછળથી પકડાઈ જઈ ગુન્હો કરી આઈપીસીની કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૮)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) અંશતઃ હકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ.

**(૯)** ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

## <u>કારણો</u>

**<u>મુદ્દા નં.૧ તથા ૨ અંગેઃ–</u>**

**(૯.૧)** આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાય શાસ્ત્રના સિદ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે તથા હાલના ગુનામાં આરોપી વિરૂદ્ધની હકીકત નિઃશંકપણે સાબિત કરવા અંગેનો પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલો છે. ફરીયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી આધારોનું પુરાવાની દ્રષ્ટિએ નીચે મુજબનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

**(૯.૨)** આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી અમરસિંહ કોદરભાઈ પરમારને આંક–૬ થી સોગંદ ઉપર તપાસેલા તેમાં તેઓ જણાવે છે કે, આ કામનો બનાવ તા.૨૨–૧–૨૦૨૪ના રોજ સવારના નવથી સાડા નવ વાગ્યાના સુમારે હનુમાનપુરા પાટીયા આગળ હાઈવે ઉપર બનેલો. તે સમયે અયોધ્યા પ્રાણપ્રતિષ્ઠા નિમિત્તે તેમના ગામમાં શોભાયાત્રાનો પ્રોગ્રામ હતો અને શોભાયાત્રામાં ઘણા બધા માણસોનું ટોળું ઉભું રહેલું. ત્યારે તેમના દિકરાનો દિકરો ઉત્તમ પણ રોડ ઉપર ડિવાઈડર ઉપર હતો અને તે સમયે તેઓએ શોભાયાત્રામાં અમુક માણસો રેકોલ હતા. જે દરેક વાહનને ધીરે ધીરે પાડવા માટે ઈશારા કરતા હતા. તે સમયે બાલાસિનોર તરફથી **એક ફોરવ્હીલ ગાડી જેનો નં.જીજે.૦૧.કેડબલ્યુ.૯૨૪૫ હતી,** જેની ઉપર કે વાય લખેલ હતું**. જે**

**ગાડી ફુલ સ્પીડમાં આવતી હતી,** જેને ધીમી પાડવા માટે ઘણા બધા ઈશારા કરેલ, પરંતુ ગાડી ચાલકે ધીમી પાડેલ નહીં અને તેમના દિકરાના દિકરાને અડફેટમાં લઈ, આશરે બસોથી અઢીસો ફુટ દુર અડફેટમાં લઈ ગટરમાં ફેંકી દીધેલ. ગાડીવાળો ત્યાંથી નીકળી ગયેલ અને તે અકસ્માતમાં તેમનો પૌત્ર મરણ પામેલ અને તેને વધુ ઈજા દેખાતી હોય પ્રથમ કેરવેલ હોસ્પીટલ તથા ત્યારબાદ કઠલાલ સીએચસી ખાતે લાવેલ. ત્યારબાદ બનાવ બાબતેની તેઓએ કઠલાલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લખાવેલ. જે અસલ ફરીયાદ કોર્ટ રેકર્ડમાંથી તેઓને બતાવવામાં આવે છે, જેમાં તેઓની સહી ઓળખે છે. કઠેરામાં બેઠેલ વ્યક્તિને જોઈને કહે છે કે તે જ આ વ્યક્તિ છે.

બચાવપક્ષે ફરીયાદી તેઓની ઉલટતપાસમાં જણાવે છે કે, તેઓ ધોરણ-૧૦ નાપાસ છે. તેઓને લખતા વાંચતા આવડે છે. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તા.૨૨-૧-૨૦૨૪ના રોજ રામમંદિરની પ્રાણ પ્રતિષ્ઠાનો દિવસ હોય તે દિવસે તેઓના ગામમાં પાંચસો થી હજાર માણસો શોભાયાત્રામાં હતા. **તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે,** હાઈવેના ડિવાડર ઉપર મોટા મોટા ઝાડવાઓ આવેલા છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ખુલ્લું કરી નાખેલ છે. તેઓ એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, બનાવના દિવસે તેમના ગામમાં હાઈવે રોડ ઉપર અસંખ્ય માણસોની અવરજવર હતી તથા સરતપાસમાં તેઓએ એવું જણાવેલ છે કે, બનાવવાળી જગ્યાએ તેમના ગામના માણસોને હાઈવેની ગાડીઓને ધીમી રાખવા માટે ઉભા રાખેલ, જે હકીકત તેમની ફરીયાદમાં જણાવેલ નથી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેમના દિકરાનો દિકરો ડિવાઈડર ઉપર ઉભો હતો. **તેઓ એ હકીકતોનો ઈન્કાર કરે છે કે, બનાવવાળી જગ્યાએ સદર વાહન ધીમી ગતિએ જતુ હતું તથા સમગ્ર બનાવ તેઓએ નજરે જોયેલ નથી**. તેઓને સવાલ પુછવામાં આવે છે કે, તમે સદર ગાડીના ડ્રાયવરને કઈ રીતે જોયેલો ? **તેના જવાબમાં તેઓ જણાવે છે કે, અકસ્માત બાદ ડ્રાયવરે મો બહાર કાઢતા તેઓએ ડ્રાયવરને જોયેલ.** તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ તેમની સરતપાસમાં જે હકીકત લખાવેલ છે કે, "તે ગાડી મારા પૌત્રને બસોથી અઢીસો ફુટ ઘસડીને લઈ ગયેલ" તે તેમની ફરીયાદમાં જણાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારો પૌત્ર ગુજરી ગયેલ હોય અમારી પરિસ્થિતિ યોગ્ય ના હોય તેઓએ

ફરીયાદમાં લખાવેલ નથી. તેઓએ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે, તેઓએ તેમની સરતપાસમાં જે હકીકત લખાવેલ છે કે, "મારા પૌત્રને ગટમાં ફેકીને જતો રહેલો" તે તેઓની ફરીયાદમાં જણાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારો પૌત્ર ગુજરી ગયેલ હોય તેઓની પરિસ્થિતિ યોગ્ય ના હોય તેઓએ ફરીયાદમાં લખાવેલ નહીં. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ગાડીનો નંબર તેઓએ નજરે જોયેલ નહીં. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓએ ગાડીનો લાલ કલર જોયેલો. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, અકસ્માતમાં તેમના પૌત્રને ગંભીર ઈજાઓ થતા તેઓએ આ કામના આરોપી સામે ખોટી ફરીયાદ આપેલ છે.

**(૯.૩)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ સંજયકુમાર અમરસિંહ પરમારને આંક–૯ થી સોગંદ ઉપર તપાસેલા તેમાં તેઓ જણાવે છે કે, તેઓને સંતાનમાં બે બાળકો છે. બનાવ તા.૨૨–૧–૨૦૨૪ના રોજ બનેલો. બનાવના દિવસે તેમના ગામમાં રામમંદિર પ્રતિષ્ઠા પ્રસંગે ગામમાં શોભાયાત્રા હતી. શોભાયાત્રામાં તેઓ તથા તેમના ગામના બીજા ઘણા માણસો હતા. **તે વખતે લાલ કલરની ગાડી બાલાસિનોર તરફથી પુરઝડપે આવતી હતી અને ગાડીનું નામ તેઓને ખબર નથી. જે ગાડીનો નં.જીજે.૦૧.કેડબલ્યુ. ૯૨૪૫નો હતો.** જે ગાડીથી લાડવેલ સ્ટેશન આગળ તેમનો ભત્રીજો ઉત્તમકુમાર રોડ ઉપર એક સાઈડથી બીજી સાઈડે જવા જતા હતા, તે વખતે આ ગાડીથી અકસ્માત થયેલો. અકસ્માતમાં તેમના ભત્રીજા ઉત્તમકુમારને અકસ્માત કરી ૧૦૦ મીટર સુધી ઘસડીને લઈ ગયેલ, જેથી તેમના ભત્રીજાને અકસ્માતમાં માથા ઉપર વાગવાથી તેમજ શરીરે ઈજાઓ થવાથી નાક તથા કાનમાં લોહી આવી ગયેલ. તેઓ અકસ્માત કરનાર ગાડીના ચાલકને જોયેથી ઓળખી શકે છે. આજરોજ કોર્ટમાં આરોપીનો મુક્તિ રીપોર્ટ આપેલ છે. તેઓ તેમના ભત્રીજાને કઠલાલ કેરવેલ હોસ્પીટલમાં સારવાર માટે લાવેલા, પરંતુ ડોકટરે ઉત્તમને મરણ જાહેર કરેલ. ડોકટરે લાશનું પી.એમ. કરી તેઓને તેમની લાશનો કબજો આપેલ. બનાવ બાબતે ફરીયાદ અમરસિંહનાઓએ આપેલ. પોલીસે તેઓનું નિવેદન લીધેલ.

બચાવપક્ષે સાહેદ તેઓની ઉલટતપાસમાં જણાવે છે કે, તેઓ ધોરણ ૧૨ પાસ છે. તેઓને વાંચતા લખતા આવડે છે. તેઓ એ હકીકતોનો

સ્વીકાર કરે છે કે, બનાવના દિવસે રામમંદિરની શોભાયાત્રા હોય તે દરમ્યાન તેમના ગામમાં અસંખ્ય માણસોની અવરજવર હતી તથા બાલાસિનોર અમદાવાદવાળા હાઈવે ઉપર અસંખ્ય વાહનોની અવરજવર થતી હોય છે તથા બનાવના દિવસે સદર હાઈવે ઉપર અસંખ્ય માણસોનું ટોળું ચાલતું હતું તથા રોડની વચ્ચે ડિવાઈડર આવેલું છે અને તે ડિવાઈડરની ઉપર ઝાડવા રોપેલા છે. **તેઓ એ હકીકતોનો ઈન્કાર કરે છે કે, ડિવાઈડર ઉપર આવેલા ઝાડવા બનાવ સમયે મોટા હતા તથા સદર બનાવ તેઓએ નજરોનજર જોયેલ નહીં** તથા બનાવ સમયે કયા કલરની ગાડી હતી તેઓ તેઓને યાદ નથી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, હાલના ફરીયાદી ગામના સરપંચ છે. **તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે,** આ કામના ફરીયાદી સરપંચ હોય તેમના કહેવાથી હાલનું ખોટું નિવેદન આપેલ છે. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ સમયે પોલીસે તેમનું કોઈ નિવેદન લીધેલ નહીં. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, ફરીયાદીને સમર્થન આપવા માટે સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૯.૪) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ રતનસિંહ મેલાભાઈ પરમારને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસેલા તેમાં તેઓ જણાવે છે કે, તેઓને સંતાનમાં બે બાળકો છે. બનાવ તા.૨૨–૧–૨૦૨૪ના રોજ બનેલો. બનાવના દિવસે તેમના ગામમાં રામમંદિર પ્રતિષ્ઠા પ્રસંગે ગામમાં શોભાયાત્રા હતી. શોભાયાત્રામાં તેઓ તથા ગામના બીજા ઘણા માણસો હતા. **તે વખતે લાલ કલરની ગાડી બાલાસિનોર તરફથી પુરઝડપે આવતી હતી અને ગાડીનું નામ તેઓને ખબર નથી. જે ગાડીનો નં.જીજે.૦૧.કેડબલ્યુ.૯૨૪૫નો હતો.** જે ગાડીથી લાડવેલ સ્ટેશન આગળ તેમનો ભત્રીજો ઉત્તમકુમાર રોડ ઉપર એક સાઈડથી બીજી સાઈડે જવા જતા હતા તે વખતે આ ગાડીથી અકસ્માત થયેલો. અકસ્માતમાં તેમના ભત્રીજા ઉત્તમકુમારને અકસ્માત કરી ૧૦૦ મીટર સુધી ઘસડીને લઈ ગયેલ, જેથી તેમના ભત્રીજાને અકસ્માતમાં માથા ઉપર વાગવાથી તેમજ શરીરે ઈજાઓ થવાથી નાંક તથા કાનમાં લોહી આવી ગયેલ. તેઓ અકસ્માત કરનાર ગાડીના ચાલકને જોયેથી ઓળખી શકે. જે આજરોજ કોર્ટમાં આરોપીનો મુક્તિ રીપોર્ટ આપેલ છે. તેઓ તેમના ભત્રીજાને કઠલાલ કેરવેલ હોસ્પીટલમાં સારવાર માટે લાવેલા. પરંતુ ડોકટરે ઉત્તમને મરણ જાહેર

કરેલ. ડોકટરે લાશનું પી.એમ. કરી તેઓને લાશનો કબજો આપેલ. બનાવ બાબતે ફરીયાદ અમરસિંહનાઓએ આપેલ. પોલીસે તેમનું નિવેદન લીધેલું.

બચાવપક્ષે સાહેદ તેઓની ઉલટતપાસમાં જણાવે છે કે, તેઓ ધોરણ–૧૦ નાપાસ છે. તેઓને લખતા વાંચતા આવડે છે. તેઓ એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, બનાવના દિવસે રામમંદિરની શોભાયાત્રા હોય તે દરમ્યાન તેમના ગામમાં અસંખ્ય માણસોની અવરજવર હતી તથા બાલાસિનોર અમદાવાદવાળા હાઈવે ઉપર અસંખ્ય વાહનોની અવરજવર થતી હોય છે તથા બનાવના દિવસે હાઈવે ઉપર અસંખ્ય માણસોનું ટોળું ચાલતું હતું તથા રોડની વચ્ચે ડિવાઈડર આવેલું છે અને તે ડિવાઈડરની ઉપર ઝાડવા રોપેલા છે. **તેઓ એ હકીકતોનો ઈન્કાર કરે છે કે, ડિવાઈડર ઉપર આવેલા ઝાડવા બનાવ સમયે મોટા હતા તથા સદર બનાવ તેઓએ નજરોનજર જોયેલ નહીં તથા બનાવ સમયે કયા કલરની ગાડી હતી તે તેઓને યાદ નથી.** તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, હાલના ફરીયાદી ગામના સરપંચ છે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આ કામના ફરીયાદી સરપંચ હોય તેમના કહેવાથી હાલનું ખોટું નિવેદન આપેલ છે. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ સમયે પોલીસે તેમનું કોઈ નિવેદન લીધેલ નહીં. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, ફરીયાદીને સમર્થન આપવા માટે સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૯.૫) ત્યારબાદ ફરીયાદપક્ષે પંચ પ્રદિપકુમાર મહેન્દ્રભાઈ પરમારને આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસેલા તેમાં તેઓ જણાવે છે કે, તા.૨૨મી જાન્યુઆરીના રોજ પોલીસે તેઓને લાડવેલ હનુમાનપુરા હાઈવે ઉપર બોલાવેલ અને પોલીસે ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરેલું. તેમની સાથે મહેન્દ્રભાઈ છગનભાઈ પરમારનાઓ હાજર હતા. ગુન્હાવાળી જગ્યાએ તેઓ હાજર હતા. દક્ષિણે કાશીબેનનું ઘર આવેલું છે તથા પુર્વે દિશાએ હાઈવે આવેલો છે. પશ્ચિમ દિશાએ કઠલાલ રોડ આવેલ છે. **બનાવવાળી જગ્યાએ અકસ્માત થયેલો. જેમાં લાલ ગાડીએ છોકરો રોડ ક્રોસ કરવા જતા અકસ્માત કરેલો.** પંચનામું ૩૦ મિનિટ સુધી ચાલેલું. તેઓને એક અસલ પંચનામું બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે.

બચાવપક્ષે પંચ તેઓની ઉલટતપાસમાં જણાવે છે કે, તેઓને લખતા વાંચતા આવડે છે. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, સદર પંચનામું કોમ્પ્યુટરાઈઝડ છે અને તેઓ જે તૈયાર પંચનામામાં સહી કરેલી. **તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓ બોલતા હોય અને પોલીસ લખતી હોય તેવું કાંઈ બનેલ નહીં.** તેઓ એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, સદર પંચનામામાં લાલ ગાડીથી અકસ્માત થયો હોય તેવું પંચનામામાં લખાવેલ નથી તથા સદર પંચનામામાં દક્ષિણ દિશાએ કાશીબેનનું ઘર આવેલ છે તે તેઓએ આ પંચનામામાં લખાવેલ નથી તથા પોલીસના કહેવાથી તેઓ પંચમાં રહેવા કહેતા તેઓએ રહેલા તથા પોલીસે કોઈ વસ્તુ કબ્જે કરેલ નહીં.

વધુમાં આ કામે અન્ય પંચ સાહેદ મહેન્દ્રભાઈ છગનભાઈ પરમારને આંક–૧૩ થી સોગંદ ઉપર તપાસેલા, તેમાં તેઓ આંક–૧૨ થી રજુ થયેલ પંચનામામાં તેઓની સહીઓ ઓળખી બતાવે છે, તે સિવાય પંચનામાની કોઈ હકીકત જણાવતા ન હોઈ સદર પંચને ફરીયાદપક્ષે એપીપીશ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવાર કરવામાં આવેલી ઉલટતપાસ કરવા છતાં પણ તેઓ પંચનામાને લેશમાત્ર સમર્થન કરતા નથી.

**(૯.૬)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ પટેલ જયંતિલાલ મથુરભાઈને આંક–૧૫ થી સોગંદ ઉપર તપાસેલા તેમાં તેઓ જણાવે છે કે, તેઓને સંતાનમાં એક દિકરો છે. તેમની પાસે કીયા સેલટોસ ગાડી જેનો નં.જીજે.૦૧.કેડબલ્યુ.૯૨૪૫ હતો. આ ગાડીના ડ્રાયવર તરીકે પરેશ પુરષોત્તમ મુલચંદાનીને રાખેલા. જેઓ ઝુલેલાલા ગોધરા મુકામે રહેતા હતા. ગાડી તેઓ ગોધરા મુકામે રાખતા હતા. તા.૨૨–૧–૨૦૨૪ના રોજ તેમને ગાડીની જરૂર હોય, તેઓએ ડ્રાયવરને જણાવેલ કે તું ગાડી લઈને આવી જજે. તે જ દિવસે બપોરે તેમના ડ્રાયવર ગાડી મુકી ગયેલ હતા. ત્યારબાદ પોલીસનો તેમની ઉપર ફોન આવેલો અને જણાવેલ કે તમારી ગાડીથી અકસ્માત થયેલ છે. અકસ્માત લાડવેલથી ટોલનાકા વચ્ચે બાળક સાથે અકસ્માત થયેલો. જેથી તેઓએ ડ્રાયવરને પુછેલ તો ડ્રાયવરે તેઓને જણાવેલ કે, રામ મંદિરનું ઉદ્ઘઘાટન હોય જેથી લાડવેલ આગળ માણસોની અવરજવર હોય એક બાળક, જમણી બાજુથી ડાબી બાજુ તરફ જતા તેમની ગાડી ધીમી હતી છતાં બાળક સાથે અથડાઈ ગયેલ. અકસ્માત થતાં તેઓ ગભરાયેલ તેથી

તેઓએ તેમને જણાવેલ નહીં તેવું ગાડીના ડ્રાયવરે જણાવેલ, જેથી તેઓ તથા ડ્રાયવર ગાડીના કાગળો આપવા માટે પોલીસ સ્ટેશન આવેલા. બનાવ બાબતે પોલીસે તેમનું નિવેદન લીધેલું. ગાડીના ચાલકને ઓળખે છે.

બચાવપક્ષે સાહેદ તેઓની ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, તેઓ ગોધરા મુકામે નોકરી કરતા હોય અને નિવૃત થઈ ગયેલ અને હાલ તેઓ અમદાવાદ મુકામે રહે છે તથા તેમની ગાડી ગોધરા મુકામે હોય છે. તેઓને અમદાવાદ મુકામે જવાનું થતું હોય તેઓ પરેશ પરસોત્તમ મુલચંદાણીને ડ્રાયવર તરીકે બોલાવે છે તે રીતે ઓળખે છે તથા તા.૨૨–૧–૨૦૨૪ના રોજ રામ મંદિરનું ઉદઘાટન હોય સમગ્ર હિન્દુસ્તાનમાં એ રીતે લાડવેલ ગામમાં ઘણા બધા માણસોની અવરજવર હતી તથા સમગ્ર અકસ્માત તેઓએ નજરો નજર જોયેલ નહીં તથા પોલીસે તેઓને ફોનથી જાણ કરેલી અને પોલીસ સ્ટેશન ગાડીના કાગળો લઈને બોલાવેલા તથા પોલીસે તેમનું માત્ર નામઠામ પુછેલું. તેઓએ કોઈ નિવેદન લખાવેલ નહીં.

(૯.૭) ત્યારબાદ ફરીયાદપક્ષે ત.ક.અમલદાર પીઆઈ વિધી શશીકાન્ત પરમારને આંક–૧૯ થી સોગંદ ઉપર તપાસેલા તેમાં તેઓ જણાવે છે કે, ગઈ તા.૨૨–૧–૨૦૨૪ના રોજ તેઓ કઠલાલ પો.સ્ટે. પી.એસ.આઈ. તરીકે ફરજ ઉપર હતા ત્યારે સામુહિક આરોગ્ય કેન્દ્ર કઠલાલના ડોકટર નીરાલીબેન પંચાલે એક ટેલીફોન વર્ધી લખાવેલ, જે ટેલીફોન વર્ધી કઠલાલના પીએસઓએ લખી લીધેલ, જે ટેલીફોન વર્ધીમાં પીએસઓની સહી છે, જે રજુ કરે છે, જેને રજુ દાખલ આંક–૨૦ આપવામાં આવે છે. જે ટેલીફોન વર્ધીના આધારે ફરીયાદી અમરસિંહ કોદરભાઈ પરમારની ફરીયાદ તેઓના લખાવ્યા મુજબ લખી લેવામાં આવેલ, જે ફરીયાદ હકીકત એવી હતી કે, તમો આરોપીનાઓએ તા.૨૨–૧–૨૦૨૪ના રોજ કલાક ૯.૦૦ના સુમારે લાડવેલ હનુમાનજી મંદિરની સામે, ઈન્દોર અમદાવાદ હાઈવે રોડ ઉપર પોતાની ફોરવ્હીલ ગાડી કીયા સેલટોસ નં.જીજે.૦૧. એડબલ્યુ.૯૨૪૫ની બેફીકરાઈ અને ગફલતભરી રીતે ચલાવી રોડ ક્રોસ કરતા ફરીયાદીના પૌત્ર ઉત્તમ, ઉં.વ.૯ને ટક્કર મારી શરીરે માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી, ગુન્હો કર્યા વિગેરે ફરીયાદ ફરીયાદીના લખાવ્યા મુજબ પીએસઓ રૂબરૂ લખી લેવામાં આવેલ. જે ગુન્હાની વધુ તપાસ તેઓએ સંભાળેલ અને

તા.૨૨–૧–૨૦૨૪ના રોજ ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરેલું. જે પંચોના લખાવ્યા મુજબ લખી લેવામાં આવેલ. જેમાં પંચોએ તેઓની રૂબરૂ સહી કરેલ, તેમાં રૂબરૂ તરીકે તેમની સહી છે, જે પંચનામું આ કામે આંક–૧૨ થી રજુ છે અને ઈજા પામનારનું સારવાર સર્ટિફીકેટ મેળવેલ, જે આંક–૧૬ થી રજુ છે તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો મેળવેલ. આ કામે મરણ જનારની પીએમ નોટ સીએચસી કઠલાલ ખાતે મેળવેલ. જે આ કામે આંક–૧૭ થી રજુ છે. તેમજ સ્થળ પરીક્ષણ અહેવાલ મેળવી આ કામે સામેલ રાખેલ, જેને રજુ દાખલ આંક–૨૧ આપવામાં આવે છે. તેમજ તેઓએ મરણોત્તર પંચનામું મેળવી આ કામે સામેલ રાખેલ, જેમાં પંચોની સહી છે, જે આ કામે આંક–૧૮ થી રજુ છે. ત્યારબાદ તેઓએ વાહન નં.જીજે.૦૧.કેડબલ્યુ.૯૨૪૫નો એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ મેળવેલ. જે રજુ કરે છે, જેમાં આરટીઓ ઓફીસરની સહી છે અને તેમાં તેમની પીએસઆઈ તરીકે સહી છે, જે રજુ દાખલ આંક–૨૨ આપવામાં આવે છે. તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો પડતો હોય આપ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયે ઓળખે છે. જે આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે.

બચાવપક્ષે ત.ક.અમલદાર તેઓની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળો રોડ હાઈવે રોડ હોય ત્યાં ઘણા બધા વાહનોની અવરજવર થતી હોય છે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબના લખેલ નહીં. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, જે સાહેદોના નિવેદનો લીધેલ છે તે ફરીયાદીના કુટુંબીના છે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તૈયાર પંચનામામાં પંચોની સહીઓ લીધેલી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ફરીયાદીને આરોપીની ઓળખ પરેડ કરાવેલ નહીં. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, જે દિવસે બનાવ બન્યો તે દિવસ રામમંદિરની સ્થાપના હોય ત્યારે ભીડ વધારે હતી. તેઓને સવાલ પુછવામાં આવે છે કે, સામાન્ય રીતે સદર હાઈવે ઉપર રામમંદિરનું ઉદઘાટન હોય જેથી વાહન ધીમી ચાલતું હોય ? તેના જવાબમાં તેઓ જણાવે છે કે, તે હું ચોક્કસ કહી શકે નહીં.

<u>(૧૦) રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓની ચર્ચા</u>

આ કામે આરોપી વિરૂધ્ધ રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓની ચર્ચા કરતા પહેલા ઈ.પી.કો. કલમ–**૨૭૯, ૩૩૭, ૩૦૪(એ)** ધ્યાને લેતા...

<u>૨૭૯–જાહેર માર્ગ પર બેફામપણે હંકારવું કે સવારી કરવીઃ–</u>

**કોઈપણ વ્યક્તિ, બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યક્તિને વ્યથા કે હાનિ થવા સંભવ હોય તેમ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક સરીયામ રસ્તા પર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ મહિના સુધીની બેમાંથી કોઈ એક પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની, અથવા તે બન્નેની શિક્ષા કરવામાં આવશે.**

<u>૩૩૭–બીજાઓની જીંદગી કે શારિરીક સલામતી જોખમમાં મુકાય એવા કૃત્યથી વ્યથા કરવા બાબતઃ–</u>

**જો કોઈ વ્યક્તિ, મનુષ્યની જીંદગી કે અન્ય વ્યક્તિઓની શારિરીક સલામતી જોખમમાં મુકાય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી કોઈ કૃત્ય કરીને કોઈ વ્યક્તિને વ્યથા કરે તેને છ મહિના સુધીની બેમાંથી કોઈ એક પ્રકારની કેદની, અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની, અથવા તો બન્નેની શિક્ષા કરવામાં આવશે.**

<u>૩૦૪(એ) બેદરકારી ભર્યુ કૃત્ય દ્વારા કોઈનું મૃત્યુ નિપજાવવું (વાહન અકસ્માતમાં મૃત્યુ) ૨ વર્ષ સુધીની કોઈ એક પ્રકારની કેદ અથવા બન્નેઃ–</u>

**જો કોઈ વ્યક્તિ, મનુષ્યની જીંદગી કે અન્ય વ્યક્તિઓની સલામતી જોખમમાં મુકાય એવી બેફામ રીતે બેદરકારી ભર્યુ કૃત્ય દ્વારા કોઈનું મૃત્યુ નિપજાવવું (વાહન અકસ્માતમાં મૃત્યુ) ૨ વર્ષ સુધી કોઈ એક પ્રકારની કેદ અથવા બન્ને શિક્ષા કરવામાં આવશે.**

હવે ઉપરોકત રીતે અકસ્માતનો ગુનો સાબિત કરવા માટેના જે આવશ્યક તત્વો જોવામાં આવે તો અકસ્માતમાં સંડોવાયેલ વાહનનો નંબર, વાહન ચાલક, વાહનની બનાવ સમયે ઝડપ, બનાવ સમયે વાહન ચાલકની બેદરકારી તથા તેઓનું કૃત્ય બેદરકારી ભર્યુ હતુ અને તે બેદરકારી પુર્વકના કૃત્યના કારણે મરણ જનારને વ્યથા થયેલ હતી અને જેના લીધે તેઓનું મૃત્યુ થયેલ હતું. આ તમામ આવશ્યક તત્વો ફરીયાદપક્ષ પોતાના પુરાવાથી પુરવાર કરી શકે તો જ અકસ્માતના તથા અકસ્માતથી વ્યથા કરેલ અને જેના

લીધે મરણ જનારનું મૃત્યું થયેલ હોવાના ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય.

**(૧૦.૧)** આમ, ઉપરોકત પેરામાં કરવામાં આવેલ ચર્ચા તથા રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા, આ કામે આંક–૬ થી ફરીયાદીના મૌખિક પુરાવામાં બનાવ હનુમાનપુરા પાટીયા આગળ હાઈવે ઉપર બનેલો. તે સમયે અયોધ્યા પ્રાણપ્રતિષ્ઠા નિમિત્તે તેમના ગામમાં શોભાયાત્રાનો પ્રોગ્રામ હતો અને શોભાયાત્રામાં ઘણા બધા માણસોનું ટોળું ઉભું રહેલું. ત્યારે તેમના દિકરાનો દિકરો ઉત્તમ પણ રોડ ઉપર ડિવાઈડર ઉપર હતો, તે સમયે બાલાસિનોર તરફથી એક ફોરવ્હીલ ગાડી જેનો નં.જીજે.૦૧.કેડબલ્યુ.૯૨૭૫ હતી, જેની ઉપર કે વાય લખેલ હતું. જે ગાડી કુલ સ્પીડમાં આવતી હતી અને તેમના દિકરાના દિકરાને અડફેટમાં લઈ, આશરે બસોથી અઢીસો ફુટ દુર અડફેટમાં લઈ ગટરમાં ફેંકી દીધેલ અને તે અકસ્માતમાં તેમનો પૌત્ર મરણ પામેલ અને તેને વધુ ઈજા દેખાતી હોય પ્રથમ કેરવેલ હોસ્પીટલ તથા ત્યારબાદ કઠલાલ સીએચસી ખાતે લાવેલ. બનાવ બાબતે કઠલાલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ તેવો પુરાવો આપેલ છે તથા આ કામમાં આંક–૭ થી ફરીયાદ રેકર્ડ ઉપર આવેલ છે. જે ધ્યાને લેતા પણ તેઓએ મૌખિક પુરાવામાં જે હકીકતો જણાવેલ છે તે તમામ હકીકતો જણાય આવે છે તેમજ આ કામે આરોપીના વિ.વ.શ્રી દ્ધારા તેઓની વિસતૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં અકસ્માત બાદ તેઓએ ડ્રાયવરને જોયેલ હતો એ હકીકત કબૂલ રાખે છે. બનાવવાળી જગ્યાએ સદર વાહન ધીમી ગતિએ જતુ હતું તથા સમગ્ર બનાવ તેઓએ નજરે જોયેલ નથી હકીકતને નકારેલ છે. તેઓએ હાઇવે ના ડીવાઈડર ઉપર મોટા ઝાડવાઓ નહિ હોવાનુ જણાવેલ છે વધુમાં બનાવવાળી જગ્યા એ સદર વાહન ધીમી ગતીએ જતુ હોય તે પણ નકારેલ છે. ફરીયાદીએ અકસ્માત બાદ ડ્રાઈવરએ મોં બહાર કાઢતા ડ્રાઈવરને જોયેલ હોવાનુ જણાવેલ છે વધુમા ગાડીનો નંબર નહિ જોયેલ હોવાનુ કબુલ રાખેલ છે અને ગાડીનો લાલ કલરની હોવાની જણાવેલ છે.

આમ આ સાહેદની કરવામાં આવેલ સમગ્ર ઉલટતપાસ ધ્યાને લેતા તેઓના સરતપાસના પુરાવા કરતા વિરૂધ્ધની કોઈ હકીકત ઉલટતપાસમાં બહાર આવેલ નથી અને તેઓએ આંક–૭ વાળી ફરીયાદને

અનુરૂપ જ પુરાવો આપેલ છે અને અકસ્માત કરનાર ફોરવ્હીલ ગાડી જેનો નં.જીજે.૦૧.કેડબલ્યુ.૯૨૪૫ હતી, જેની ઉપર કે વાય લખેલ હતું, તેને ઓળખી બતાવે છે. વધુમા તેઓની જુબાનીમા વાહન ચલાવનાર ડ્રાઈવર મોં બહાર કાઢતા જોયેલ હોવાનુ જણાવતા હોય તથા કોર્ટ રૂબરૂ આરોપીને ઓળખી બતાવતા હોય  અકસ્માત કરનાર વાહન આ કામના આરોપી જ બેદરકારી પુર્વક ચલાવતા હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવે છે. આ કામના ફરીયાદીએ તેઓની સરતપાસમા ગાડીનો નંબર જણાવેલ છે પરંતુ ઉલટતપાસમાં ગાડીનો નંબર તેઓએ નજરે જોયેલ નહિ હોવાનુ જણાવવાથી માત્ર ફરીયાદપક્ષ નો કેસ નહી માનવાનો કારણ જણાતુ નથી.  જેના કારણે આંક–૭ વાળી ફરીયાદને ફરીયાદીના મૌખિક પુરાવાઓથી સંપૂર્ણ સમર્થન પ્રાપ્ત થતુ હોઈ આંક–૬ થી રેકર્ડ ઉપર આવેલ ફરીયાદ પુરવાર થાય છે. આમ, આ  કામે ફરીયાદીનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા આ કામે તેઓના પુરાવામાં થોડાક પ્રમાણમાં વિસંગતતાઓ આવેલ હોવાની જણાઈ આવેલ છે અને આરોપી તરફે પણ તે મુજબની દલીલો કરવામાં આવેલ છે, પરંતુ આ કામે તેઓનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો જે વિસંગતતાઓ જણાઈ આવેલ છે તે ખૂબ જ અંશતઃ પ્રમાણમાં આવેલ છે અને તે વિસંગતતાઓ એવી નથી કે જેના કારણે આંક–૭ થી રેકર્ડ ઉપર આવેલ ફરીયાદ કરતા તદ્દન વિરૂધ્ધ પ્રકારની હોય અને તેના કારણે તે થોડાક પ્રમાણમાં વિસંગતતાઓ રેકર્ડ ઉપર આવેલ હોવા છતાં આ કામે તેના કારણે તેઓની ફરીયાદ કરતા વિરૂધ્ધનો કોઈ પુરાવો જણાઈ આવતો નથી અને જેથી **તે વિસંગતતાઓ માની લેવામાં આવે તો પણ ફરીયાદીના સમગ્ર પુરાવાઓ ઉપરથી હાલના જ આરોપી બનાવ સમયે પુરઝડપે ગાડી ચલાવી અકસ્માત કરી ભોગ બનનારનું મોત નિપજાવી નાસી ગયેલ હોવાની હકીકત પુરવાર થતી હોય અને તે હકીકત કરતા વિરૂધ્ધની કોઈ હકીકત જણાઈ આવતી નથી** અને તેવા સંજોગોમાં તેઓનો પુરાવો તેઓની ફરીયાદને સંપૂર્ણ સમર્થનકારી હોય તે ફરીયાદ હકીકતને સમર્થન કરતુ હોય જેથી તેઓની ફરીયાદ હકીકત પુરવાર થાય છે અને તેના કારણે આરોપીએ હાલનો ગુનો કરેલ હોવાની હકીકતને તેઓના પુરાવાઓથી સમર્થન પ્રાપ્ત થતું હોય તે ગુનો પુરવાર થાય છે.

(૧૦.૨) ત્યારબાદ સદર બનાવ **નજરે નજર જોનાર** સાહેદોમાં સંજયકુમારને આંક–૯ થી, રતનસિંહને આંક–૧૦ થી પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે અને તેઓના પુરાવામાં પણ બનાવ સમય, બનાવ હકીકત અંગેનો જ પુરાવો આપેલ છે. તેમજ તેઓએ પણ ગાડી જેનો નં.જીજે.૦૧.કે.ડબલ્યુ.૯૨૪૫ પુરઝડપે આવી તેઓના ભત્રીજા સાથે અકસ્માત કરી ૧૦૦ મીટર સુધી ઘસડીને લઇ ગયેલ અને તેના લીધે આ કામના મરણજનારને ઈજાઓ થયેલ અને તે અંગે તેઓએ સારવારમાં લઈ ગયેલ હોવાનું અને ડોકટરે મરણ જાહેર કરેલ તે મુજબનો જ પુરાવો આપેલ છે. તેમજ તેઓ બન્ને નજરે જોના સાહેદોએ અકસ્માત કરનાર ગાડીના ચાલકને ઓળખતા હોવાનો પુરાવો આપેલ છે અને જે વાહનચાલકના પુરઝડપે અને બેફીકરાઈ રીતે વાહન ચલાવવાના લીધે આ કામના મરણજનારને ઈજાઓ થયેલ અને તે અંગે તેઓએ સારવાર અર્થે લઈ ગયેલ હોવાનું અને ડોકટરે મરણ જાહેર કરેલ હોવાનો પુરાવો આપેલ છે અને તેઓ અકસ્માત કરનારને ઓળખતા હોવાનું જણાવેલ છે, પરંતુ આરોપી તરફે મુક્તિ રીપોર્ટ હોય ઓળખ અંગે કોઈ તકરાર રહેતી નથી.

તેઓની આરોપીના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ કબૂલ કરેલ છે કે, આ કામના ફરીયાદી ગામના સરપંચ છે. રોડની વચ્ચે ડીવાઈડર આવેલું છે. તેમજ ફરીયાદને સમર્થન આપવા ખોટી જુબાની આપેલ હોવાનું તથા બનાવ નજરો નજર જોયેલ નહીં હોવાનો ઈન્કાર કરેલ છે. આ સિવાય તેઓની સમગ્ર ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓની સરતપાસના પુરાવા કરતા વિરૂધ્ધની કોઈ જ હકીકત ઉલટતપાસમાં બહાર આવેલ નથી અને તેઓએ આ કામે રેકર્ડ ઉપર આવેલ ફરીયાદ તથા તેઓના પોલીસ રૂબરૂના નિવેદન અનુરૂપ જ ફરીયાદપક્ષના પુરાવાને સમર્થનકારી પુરાવો આપેલ છે.

આ, આ કામે આ તમામ સાહેદનો સમગ્ર મૌખિક પુરાવો ધ્યાને લેતા આ કામે તેઓના પુરાવામાં તેઓની ઉલટતપાસમાં પોલીસે તેઓનું નિવેદન લીધેલ ન હોવાનું કબૂલ કરેલ છે અને થોડાક પ્રમાણમાં વિસંગતતાઓ આવેલ હોવાની જણાઈ આવેલ છે. તેમજ આ કામે આરોપી તરફે પણ તે મુજબની દલીલો કરવામાં આવેલ છે, પરંતુ આ કામે તેઓનો સમગ્ર પુરાવો

ધ્યાને લેવામાં આવે તો જે વિસંગતતાઓ જણાઈ આવેલ છે તે ખૂબ જ અંશઃત પ્રમાણમાં આવેલ છે અને તે વિસંગતતાઓ એવી નથી કે જેના કારણે આંક–૭ થી રેકર્ડ ઉપર આવેલ ફરીયાદ તથા તેઓના પોલીસ નિવેદન કરતા તદ્દન વિરૂધ્ધ પ્રકારની હોય તેમજ આ કામે આરોપી તરફે આ કામે ત.ક.અમલદારની કરવામાં આવેલ સમગ્ર ઉલટતપાસમાં આ સાહોદોના નિવેદનો નોંધેલ ન હોવા અંગેનું કોઈ કોન્ટ્રાડીકશન લેવામાં આવેલ નથી અને તેના કારણે જયારે સાહેદોએ ફરીયાદને અનુરૂપ સમર્થનકારી પુરાવો આપેલ હોય અને ફકત તેઓની ઉલટતપાસમાં બનાવ સમયે પોલીસે નિવેદન નોંધેલ ન હોવાનું સ્વીકાર કરેલ હોય જયારે બાકીનો અન્ય પુરાવો સમર્થનકારી મળી આવતો હોય ત્યારે તેટલા જ અંશે તેઓનો પુરાવો ડીસ્કાર્ડ કરી શકાય નહીં અને તેના કારણે તે થોડાક પ્રમાણમાં વિસંગતતાઓ તેઓના પુરાવામાં રેકર્ડ ઉપર આવેલ હોવા છતાં આ કામે તેના કારણે ફરીયાદપક્ષના કેસની હકીકત કરતા વિરૂધ્ધનો કોઈ પુરાવો જણાઈ આવતો નથી અને જેથી **તે વિસંગતતાઓ માની લેવામાં આવે તો પણ તે તમામ સાહેદોના સમગ્ર પુરાવાઓ ઉપરથી હાલના જ આરોપી બનાવ સમયે પુરઝડપે ગાડી ચલાવી અકસ્માત કરી ભોગ બનનારનું મોત નિપજાવી નાસી ગયેલ હોવાનું તથા આરોપીને તેઓએ જોયેલ હોવાની હકીકત પુરવાર થતી હોય અને તે હકીકત કરતા વિરૂધ્ધની કોઈ હકીકત જણાઈ આવતી નથી** અને તેવા સંજોગોમાં તેઓનો પુરાવો તેઓની ફરીયાદને સંપૂર્ણ સમર્થનકારી હોય તે ફરીયાદ હકીકતને સમર્થન કરતુ હોય જેથી તેઓની ફરીયાદ હકીકત પુરવાર થાય છે અને તેના કારણે આરોપીએ હાલનો ગુનો કરેલ હોવાની હકીકતને તેઓના પુરાવાઓથી સમર્થન પ્રાપ્ત થતુ હોય તે ગુનો પુરવાર થાય છે.

**(૧૦.૩)** ત્યારબાદ સદર કામે અકસ્માત કરનાર ગાડીના માલિકને આંક–૧૫ થી તપાસવામાં આવેલ તેમાં તેઓ જણાવે છે કે, તેઓના ઉપર પોલીસનો ફોન આવેલ અને તેઓને જાણવા મળેલ કે, તેઓની ગાડીથી અકસ્માત થયેલ છે અને તેઓ અને અકસ્માત કરનાર ડ્રાયવર પોલીસ સ્ટેશન આવેલ હતા. આમ, આ કામે આ સાહેદનો સમગ્ર મૌખિક પુરાવો ધ્યાને લેતા આ કામે બનાવ સમયે તેઓની ગાડી તેઓના ડ્રાઈવર

ગોધરા મુકામેથી લઈને આવતા હતા અને તે આ કામના આરોપી જ ડ્રાઈવર તરીકે હતા. તેમજ તેઓના પુરાવામાં તેઓની ઉલટતપાસમાં તેઓએ બનાવ નજરે જોયેલ ન હોવાનું તથા પોલીસ ફોન કરતા બનાવ અંગેની જાણ થયેલ હોવાનું કબૂલ કરેલ છે. તેમજ આ કામે આરોપી તરફે પણ હાલના સાહેદે બનાવ નજરે જોયેલ ન હોય તેઓનો પુરાવો માની શકાય નહીં. તે મુજબની દલીલો કરવામાં આવેલ છે, પરંતુ આ કામે તેઓનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓએ બનાવ નજરે જોયેલ ન હોવાનું ફલીત થાય છે, પરંતુ અત્રે એ ખૂબ જ મહત્વની હકીકત બનાવ સમયે તેઓની આ અકસ્માત કરનાર ગાડી હાલના જ ડ્રાઈવર ચલાવતા હોય અને તેઓએ પોલીસનો ફોન આવ્યા બાદ તેઓના ડ્રાઈવરને પુછતા અકસ્માત થયેલ હોવાની હકીકત તેઓને જાણવા મળેલ હોઈ અને આમ તેઓના સમગ્ર મૌખિક પુરાવા ઉપરથી બનાવ સમયે અકસ્માત તેઓની ગાડીથી થયેલ હોવાનું અને તે સમયે હાલના જ આરોપી અકસ્માત કરનાર ગાડી ચલાવતા હોવાની હકીકતને તેઓના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થાય છે અને તેના કારણે તેઓનો પુરાવો પણ આ કામે સંયોગિક પુરાવો છે અને તેઓનો પુરાવો આ કામે નજરે જોનાર સાહેદ તથા ફરીયાદીના મૌખિક પુરાવાને તથા આ કામે આંક-૭ વાળી ફરીયાદ હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે. તેવા સંજોગોમાં તેઓનો પુરાવો ફરીયાદપક્ષના કેસને સંપૂર્ણ સમર્થનકારી હોય તે ફરીયાદ હકીકતને સમર્થન કરતુ હોય જેથી તેઓની ફરીયાદ હકીકત પુરવાર થાય છે અને તેના કારણે આરોપીએ હાલનો ગુનો કરેલ હોવાની હકીકતને તેઓના પુરાવાઓથી સમર્થન પ્રાપ્ત થતુ હોય તે ગુનો પુરવાર થાય છે.

**(૧૦.૪)** તેમજ આ કામે આંક-૧૬ થી ઈજાનું પ્રમાણપત્ર, આંક-૧૭ થી પીએમ નોટ, આંક-૧૮ થી મરણોત્તર પંચનામું, આંક-૨૧ થી સ્થળ પરીક્ષણ અહેવાલ, આંક-૨૨ થી એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ આરોપી તરફે કબૂલ રાખતા રેકર્ડ ઉપર આવેલ અને તેમાંથી તે તમામ ધ્યાને લેતા તેના ઉપરથી પણ ફલીત થાય છે આ કામે ભોગ બનનારને હાલના આરોપીએ તેઓની ગાડી પુરઝડપે અને બેદરકારીપૂર્વક ચલાવી અકસ્માત કરી અકસ્માતમાં મરણ પામનાર ઉત્તમકુમારને શરીરના ભાગે ગંભીર ઈજાઓ કરેલ અને તેના કારણે તેઓનું મરણ થયેલ હોવાનું પુરવાર થાય છે અને તેના

કારણે આ કામે રેકર્ડ ઉપર આવેલ આ તમામ દસ્તાવેજી પુરાવાઓને આધારે પણ આ કામે હાલના આરોપીએ ગુનો કરેલ હોવાનું પુરવાર થાય છે.

(૧૧) તેમજ આ કામે ઉપરોકત કરેલ પુરાવાની ચર્ચાઓને આધારે આંક–૧૨ થી રેકર્ડ ઉપર આવેલ ગુન્હાવાળી જગ્યાનું પંચનામું ધ્યાને લેતા ગુન્હાવાળી જગ્યાના પંચ ત્યાં હાજર હતા અને દક્ષિણે કાશીબેનનું ઘર આવેલ છે તથા પુર્વ દિશાએ હાઈવે આવેલો છે. પશ્ચિમ દિશાએ કઠલાલ રોડ આવેલો છે. બનાવવાળી જગ્યાએ અકસ્માત થયેલો, જેમાં લાલ ગાડીએ છોકરો રોડ ક્રોસ કરવા જતા અકસ્માત કરેલો. આમ સદર પંચની જુબાનીથી તથા ઉપર જણાવેલ સાહેદોના પુરાવાથી ફરીયાદની હકીકતને સમર્થન મળે છે. ત્યારે રેકર્ડ ઉપર આવેલ તમામ ઉપરોકત ચર્ચા કરેલ પુરાવાઓથી આરોપીએ તેમની ગાડી બેદરકારીપુર્વક વાહન ચલાવી રોડ ક્રોસ કરી રહેલા બાળકને અકસ્માત કરેલ અને તેનું મૃત્યુ નિપજાવેલ હોવાનું ચોક્કસ અનુમાન થઈ શકે તેમ છે તેમજ આ સિવાય પણ અન્ય સાહેદોએ પણ ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ છે, જેના કારણે કીયા સેલ્ટોસ ગાડીના ચાલકે બેદરકારીપુર્વક બીજાની જીંદગી જોખમાય અને તેના ઈજા થવાનો અંદેશો હોવા છતા બેદરકારીપુર્વક બીજાની જીંદગી જોખમાય તે રીતે ગાડી ચલાવી અકસ્માતમાં મરણ જનાર ફરીયાદીના પૌત્રને ટક્કર મારી અકસ્માત કરેલ હોવાનો સ્પષ્ટ પુરાવો ફરીયાદપક્ષ દ્વારા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ હોય અને જયાં સુધી તે ફરીયાદપક્ષના પુરાવા કરતા વિરૂધ્ધની કોઈ હકીકત આરોપી તબક્કે પુરવાર કરવામાં ન આવે તો **ભારતીય પુરાવા અધિનિયમ કલમ–૪ મુજબ "SHALL PRESUME"** એટલે કે, તે બાબત માની લઈ શકાય તેમ છે. તેમજ આ કામે ત.ક. અમલદારનાઓનો પુરાવો તથા તેઓએ કરેલ તપાસ ધ્યાને લેતા તેઓએ તપાસના કામે હાલના આરોપીના માલિકને ફોન દ્વારા અકસ્માત અંગે જણાવેલ અને ત્યારબાદ સદર અકસ્માત કરનાર ગાડીના માલિક ગાડીના કાગળો અને સદર આરોપીને લઈને આવેલ હોવાનું અને ત્યારબાદ ગુનાના કામે હાલના જ આરોપીને અટક કરેલ છે. જયારે ફરીયાદી તથા અન્ય નજરે જોનાર સાહેદો આરોપીને ઓળખી બતાવે છે. જયારે આરોપીએ તેઓના વિશેષ નિવેદનમાં તેઓએ જણાવેલ છે કે, **અમોએ**

**આવો કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી. અમારી સામે ખોટી ફરીયાદ દાખલ કરેલ છે તથા ખોટું ચાર્જશીટ નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે. અમોએ આવો અકસ્માત કરેલ નથી. જેથી અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા નમ્ર અરજ છે** પરંતુ આરોપી તરફે બનાવ સમયે તેઓ કીયા સેલટોસ ગાડી ચલાવતા ન હતા તેવો કોઈ પુરાવો આપેલ નથી કે રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી તેમજ તે હકીકત રેકર્ડ ઉપરથી પણ તેવું કંઈ જણાઈ આવતુ નથી. આમ, રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓને આધારે અકસ્માતનો ગુનો સાબિત કરવા માટેના જે આવશ્યક તત્વો છે તે જોવામાં આવે તો અકસ્માતમાં સંડોવાયેલ વાહન અંગેનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે તેમજ અકસ્માત કરનાર વાહનના ચાલકને ફરીયાદી તથા અન્ય સાહેદોએ ઓળખી બતાવેલ છે તથા **આ કામે જે ગાડી માલિક હતા તેઓએ પણ આ કામે બનાવ સમયે હાલના જ આરોપી તેઓની ગાડી ચલાવતા હોવાનો તથા પોલીસ દ્વારા તેઓને ફોન આવતા આરોપીએ તેઓને અકસ્માત અંગેની હકીકતો જણાવેલ હોવાનો પુરાવો આપેલ છે.** તેમજ વાહનની બનાવ સમયે ઝડપ અંગેનો પુરાવો નહીં પરંતુ બનાવ સમયે રામ મંદિરની પ્રતિષ્ઠા હોવાથી બનાવવાળા રોડ ઉપર ૫૦૦ થી ૧૦૦૦ માણસોનું ટોળું હોવા છતાં પણ અકસ્માત કરનારે પોતાની ગાડી ધીમી પાડવાની જગ્યાએ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી અકસ્માત કરી ફરીયાદીના પૌત્રને ટક્કર મારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવેલ હોવાથી વાહન ચાલકની બેદરકારી રેકર્ડ ઉપર આવેલ છે અને જેના કારણે વાહન ચાલકે તેઓના કબ્જામાં રહેલ વાહન ગફલતભરી અને બેદરકારી રીતે ચલાવેલ હોવાનું પુરવાર થાય છે, જેથી ફરીયાદપક્ષ ઈ.પી.કો. કલમ–૨૯૭, ૩૦૪(અ) મુજબનો ગુન્હો પુરવાર કરવા માટેના તમામ આવશ્યક તત્વો પુરવાર કરી શકેલ છે. તેમજ આરોપીએ જાહેરમાં તેઓના કબ્જામાં રહેલ વાહન ગંભીર રીતે બીજાને નુકસાન કરે તે મુજબનું જાણવા છતા રોડ ક્રોસ કરી રહેલ ફરીયાદીના પૌત્ર ઉત્તમકુમારને ટક્કર મારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડેલ હોવાનું પણ રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓથી પુરવાર થાય છે, જેથી ફરીયાદપક્ષ ઈ.પી.કો. કલમ–૩૩૭ મુજબનો ગુનો પુરવાર કરવા માટેના તમામ આવશ્યક તત્વો પુરવાર કરી શકેલ છે. તેમજ આ કામે એમ. વી. એકટની કલમ–૧૭૭ મુજબનુ પણ તહોમતનામું ફરમાવવામાં

આવેલ છે પરંતુ આ કામે રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા એમ.વી.એકટના કાયદાની જોગવાઈઓનો ભંગ કરેલ હોય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષ તરફે લાવવામાં આવેલ નથી તેવા સંજોગોમાં એમ. વી. એકટની કલમ–૧૭૭ મુજબનો ગુનો પુરવાર થતો નથી, પરંતુ આ કામે જયારે ઉપરોકત કરેલ ચર્ચાઓ અનુસાર ઈ.પી. કલમ–૨૭૯, ૩૦૪(અ) મુજબનો ગુનો આરોપી વિરૂધ્ધ પુરવાર થયેલ છે તથા એમ. વી. એકટની કલમ–૧૮૪ પણ ભયજનક ડ્રાઈવીંગ માટેનો ગુનો હોય અને ઉપરોકત કરેલ ચર્ચા અનુસાર ઈ.પી.કો. કલમ–૨૭૯માં તકસીરવાન ઠરાવેલ હોય ત્યારે આ કામે તે ગુનો પુરવાર થતો હોય ત્યારે એક જ કૃત્ય માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ની જોગવાઈઓ ધ્યાને લેતા આ કામે ફરીથી એક જ ગુના માટે એમ.વી.એકટની કલમ–૧૮૪ પુરવાર થયેલ હોવા છતા તે ગુના માટે આરોપીને અલગથી તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. તેમજ આ કામે એમ.વી.એકટની કલમ–૧૩૪ મુજબનું પણ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તે મુજબ આ કામે રેકર્ડ ઉપર આવેલ તમામ પુરાવો ધ્યાને લેતા આ કામે આરોપી અકસ્મત કરી નાસી ગયેલ તેમજ પાછળથી પોલીસ દ્વારા થોડા સમય બાદ પકડાઈ આવેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે, ત્યારે આરોપીએ તે ગુનાની જોગવાઈઓના ભંગ બદલ આ જ કાયદાની કલમ–૧૮૭ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ હોવાનું પુરવાર થાય છે અને તેવા સંજોગોમાં આરોપીએ એમ.વી.એકટની કલમ–૧૩૪ ના ભંગ બદલ એમ.વી.એકટની કલમ–૧૮૭ને સજાપાત્ર ગુનો કરેલ હોવાનું પુરવાર થાય છે અને તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીએ એમ.વી.એકટની કલમ–૧૩૪ ના ભંગ બદલ એમ.વી.એકટની કલમ–૧૮૭ને સજાપાત્ર ગુનો તથા એમ.વી.એકટની કલમ–૧૮૪ મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત પુરવાર કરવામાં સફળ નિવડેલ હોય ત્યારે આરોપી સામે એમ. વી. એકટની કલમ–૧૭૭ મુજબનો ગુનો પુરવાર થતો નથી, જયારે એમ. વી. એકટની કલમ–૧૮૪ તથા એમ.વી.એકટની કલમ–૧૩૪ના ભંગ બદલ એમ.વી.એકટની કલમ–૧૮૭ને સજાપાત્ર ગુનો પુરવાર થાય છે.

**(૧૨)** આમ, રેકર્ડ ઉપર આવેલ તમામ પુરાવાઓ અને ઉપરોકત કરેલ તમામ ચર્ચાઓને આધારે પુરવાર થાય છે કે, આ કામના આરોપીએ

પોતાની ફોર વ્હીલ કાર કીયા સેલ્ટોસ નં.જીજે.૦૧.કે.ડબલ્યુ.૯૨૪૫ ની બેફીકરાઈ અને ગફલતભરી રીતે ચલાવી રોડ ક્રોસ કરતા ફરીયાદીના પૌત્ર ઉત્તમ ઉં.વ.૦૯ને ટક્કર મારી શરીરે માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નીપજાવી ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(એ) તથા એમ. વી. એકટની કલમ–૧૩૪ ના ભંગ બદલ એમ. વી. એકટની કલમ–૧૮૭ ને સજાપાત્ર ગુનો તથા એમ.વી. એકટની કલમ–૧૮૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ હોવાનું પુરવાર થાય છે, જયારે આરોપીએ એમ. વી. એકટની કલમ–૧૭૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનું પુરવાર થતું નથી. આમ, આરોપી વિરૂધ્ધનો આક્ષેપ ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરવામાં અંશતઃ સફળ થયેલ હોઈ આરોપીને ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(એ) તથા એમ. વી. એકટની કલમ–૧૩૪ના ભંગ બદલ એમ.વી. એકટની કલમ–૧૮૭ ને સજાપાત્ર ગુના તથા એમ. વી. એકટની કલમ–૧૮૪ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે તથા ધી એમ. વી. એકટની કલમ–૧૭૭ મુજબના ગુનામાં યોગ્ય પુરાવાઓના અભાવે નિર્દોષ ઠરાવવામાં આવતા હોય મુદ્દા નં.૧નો જવાબ અંશતઃ "હકાર"માં ઠરાવું છું. તેમજ આ કામે આરોપીને ઉપરોકત ગુનાના કામે ઈ.પી.કો. કલમ– ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(એ) તથા એમ. વી. એકટની કલમ–૧૩૪ના ભંગ બદલ એમ.વી. એકટની કલમ–૧૮૭ ને સજાપાત્ર ગુના તથા એમ. વી. એકટની કલમ–૧૮૪ મુજબના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય ત્યારે તેઓ જામીન મુક્ત હોય અને આજરોજ કોર્ટમાં હાજર હોય તેઓના જામીન રદ કરી તેઓને જયુડીશીયલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરી સદર કામ ન્યાયના હિતમાં સજા માટે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવે છે.

કઠલાલ.
તા.૧૩–૦૩–૨૦૨૬

**(આદિલખાન લીયાકતખાન પઠાણ)**
**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**કઠલાલ**
**U.I.C.NO.GJ01684**

જયુડી.મેજી.ફ.ક.
કઠલાલ

## સજા અંગે સાંભળ્યા બાદ વધુ હુકમ

આ કામના આરોપી પક્ષે વિ.વિ.શ્રી સી. જી. પંડયાનાઓએ રજુઆત કરેલ છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે, આરોપીની ઉંમર નાની છે, પત્ની તથા બાળકોના ભરણપોષણની જવાબદારી અને કુટુંબની આજીવીકાનો આધાર આરોપી ઉપર છે. તેમજ આરોપી પર અગાઉ કોઈ ગુનો નોંધાયેલ હોય તેવું છે નહીં. તેમજ તેઓના કુટુંબની તમામ જવાબદારી તેઓ ઉપર છે તે તમામ બાબતો ધ્યાને રાખી ઓછામાં ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે.

ફરીયાપક્ષે વિધ્વાન એપીપીશ્રી ડી. બી. ચૌહાણનાઓએ રજુઆત કરેલ છે કે સમાજને સ્પર્શતો ગુન્હો છે. આરોપીએ વાહન ચલાવવામાં ગંભીર બેદરકારી રાખેલ હોય અને ફરીયાદીના પૌત્રને ટક્કર મારી સ્થળ ઉપર મોત નિપજાવેલ હોય તે હળવાશથી લઈ શકાય નહીં અને હાલના સમયમાં આવા ગુનાઓનું પ્રમાણ ખુબ જ વધી ગયેલ હોવાથી આવા ગુનાઓ અટકાવવા માટે દાખલો બેસાડવા મહત્તમ સજા કરવા તથા આવા ગુન્હાઓમાં આરોપી તકસીરવાન ઠરેલ હોય પ્રોબેશનનો પણ લાભ ન આપવા અરજ છે.

બન્ને પક્ષોની રજુઆત સાંભળી, આ કામના આરોપી સામે ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(એ) તથા એમ. વી. એકટની કલમ–૧૩૪ના ભંગ બદલ એમ.વી. એકટની કલમ–૧૮૭ ને સજાપાત્ર ગુના તથા એમ. વી. એકટની કલમ–૧૮૪ મુજબના ગુન્હામાં તકસીરવાન ગુન્હાનું તહોમત પુરવાર થયેલ છે.

બંને પક્ષોની રજુઆત સાંભળી. આ કામનાં આરોપી સામે ઈ.પી.કો. કલમ–૨૭૯,૩૩૭,૩૦૪(એ) તથા એમ.વી.એકટની કલમ–૧ ૩૪ ના ભંગ બદલ એમ.વી.એકટની કલમ–૧૮૭ ને સજાપાત્ર ગુના તથા એમ.વી એકટ ની કલમ–૧૮૪ મુજબના મુજબના ગુનાનું તહોમત પુરવાર થયેલ છે. ઈ.પી.કોડ ક.૨૭૯ ના ગુન્હામાં સજાની જોગવાઈ છ મહિના સુધીની કેદ અથવા રૂા.૧૦૦૦/– સુધીનો દંડ અથવા બંનેની જોગવાઈ તથા ઈ.પી.કોડ ક.૩૩૭ ના ગુન્હામાં સજાની જોગવાઈ છ મહીના સુધી ની કેદ

અથવા રૂા. ૫૦૦/– સુધીનો દંડ અથવા બંનેની જોગવાઈ તથા તથા ઈ.પી.કોડ ક.૩૦૪(અ) ના ગુન્હામાં સજાની જોગવાઈ બે વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંનેની જોગવાઈ તથા એમ.વી.એકટની કલમ–૧૩૪ ના ભંગ બદલ કલમ–૧૮૭ મુજબના ગુન્હામાં સજાની જોગવાઈ છ મહિના સુધીની કેદ અથવા રૂા.૫૦૦૦/– સુધીનો દંડની જોગવાઈ તથા એમ.વી.એકટની ક.૧૮૪ ના ગુન્હામાં સજાની જોગવાઈ એક વર્ષ સુધીની કેદ અથવા રૂા. ૫૦૦૦/– સુધીનો દંડ અથવા બંનેની જોગવાઈ કરવામાં આવેલ છે. તે ગુના મુજબ સજા કરવા માટે આરોપીની પરિસ્થિતી, ગુનાની ગંભીરતા, ગુનાનો સમય તથા અન્ય તમામ પાસાઓ ધ્યાને લતા જણાય છે કે આરોપી તેમના કુટંબની આજીવીકા ચલાવતી વ્યકિત છે તેમજ તેઓની આર્થિક પરિસ્થિતી ધ્યાને લીધી તેમજ આ આગાઉ આવો કોઈ ગુનો કરેલ હોય તેવુ કંઈ રેકર્ડ ઉપરથી જણાઈ આવતુ નથી. તે તમામ સંજોગોમાં આરોપીને ઈ.પી.કોડ કલમ–૨૭૯,૩૦૪(અ),૩૩૭ તથા તથા એમ.વી.એકટની કલમ–૧૩૪ ના ભંગ બદલ કલમ–૧૮૭ મુજબના ગુન્હામાં તથા એમ.વી.એકટની કલમ–૧ ૮૪ માં દર્શાવેલ સજામાંથી યોગ્ય સજા કરવી તે ન્યાયી અને ઉચિત જણાય છે . જેથી તે અન્વયે આરોપીને **ઈ.પી.કો.કલમ–૩૦૪(અ) ના ગુના માટે ૨ (બે) વર્ષની સાદી કેદ અને રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) દંડ અને જો દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા** તથા **ઈ.પી.કો.કલમ–૨૭૯ ના ગુના માટે ૬ (છ) માસની સાદી કેદ અને રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) દંડ અને જો દંડ ન ભરે તો વધુ પંદર દીવસની સાદી કેદની સજા** તથા **ઈ.પી.કો.કલમ–૩૩૭ ના ગુના માટે ૩ (ત્રણ) માસની સાદી કેદ અને રૂા.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) દંડ અને જો દંડ ન ભરે તો વધુ પંદર દીવસની સાદી કેદની સજા** તથા તેમજ **એમ.વી.એકટની કલમ–૧૩૪ ના ભંગ બદલ કલમ–૧૮૭ મુજબના ગુન્હા**

**માટે ૩ (ત્રણ) માસની સાદી કેદ અને રૂા.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) દંડ અને જો દંડ ન ભરે તો વધુ પંદર દીવસની સાદી કેદની સજા** તથા આરોપીને ઈ.પી.કો.કલમ-૨૭૯ મુજબના ગુનામાં સજા કરેલ હોય ધી.એમ.વી.અકેટ કલમ-૧૮૪ મુજબના ગુનામાં અલગથી કોઈ સજા કરવાનો હુકમ કરવામાં ન આવે તો તે વ્યાજબી, ન્યાયી અને ઉચિત રહેશે તેમજ ન્યાય સાથે સુસંગત રહેશે જેથી આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## ::આખરી હુકમ::

(૧)... આરોપી **પરેશભાઈ પરસોત્તમભાઈ મુલચંદાણી રહે.જુલેલાલ સોસાયટી, એફ.સી.આઈ. ગોડાઉનની સામે, તા.જી.ગોધરા**નાઓને ક્રિ.પો.કો.ક. ૨૫૫(૨) અન્વયે **ભારતીય દંડ સંહીતાની કલમ-૨૭૯, ૩૦૪(અ), ૩૩૭** તથા **ધી મોટર વ્હીકલ એકટની કલમ- ૧૩૪ ના ભંગ બદલ ૧૮૭ મુજબના ગુનામાં તથા કલમ-૧૮૪** મુજબના ગુન્હામાં **તકસીરવાન ઠરાવવામાં** આવે છે.

(૨)... આરોપીને ભારતીય દંડ સંહીતાની **ક.૨૭૯** મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવેલ હોવાથી તે ગુના માટે **૬ (છ)** માસની સાદી કેદ અને **રૂા.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા)** દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી ધ્વારા દંડની રકમ ભરવામાં ન આવે તો તે કસુર પેટે વધુ **૧૫ (પંદર)** દીવસની **સાદી કેદ** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩)... આરોપીને ભારતીય દંડ સંહીતાની **ક.૩૦૪(અ)** મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવેલ હોવાથી તે ગુના માટે **૨ (બે)** વર્ષની સાદી કેદ અને **રૂા.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)**

દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી ધ્વારા દંડની રકમ ભરવામાં ન આવે તો તે કસુર પેટે વધુ **૧ (એક)** માસની **સાદી કેદ** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪)... આરોપીને ભારતીય દંડ સંહીતાની **ક.૩૩૭** મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવેલ હોવાથી તે ગુના માટે **૩ (ત્રણ)** માસની સાદી કેદ અને **રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા)** દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી ધ્વારા દંડની રકમ ભરવામાં ન આવે તો તે કસુર પેટ વધુ **૧૫ (પંદર)** દીવસની **સાદી કેદ** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૫)... આરોપીને ધી મોટર વ્હીકલ એકટની **ક. ૧૩૪**ના ભંગ બદલ એમ.વી.એકટ ની **કલમ–૧૮૭** મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવેલ હોવાથી તે ગુના માટે **૩ (ત્રણ)** માસની સાદી કેદ અને **રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા)** દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી ધ્વારા દંડની રકમ ભરવામાં ન આવે તો તે કસુર પેટે વધુ **૧૫ (પંદર)** દીવસની **સાદી કેદ** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

તેમજ આરોપીને ધી મોટર વ્હીકલ એકટની **ક. ૧૮૪** મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવેલ છે પરંતુ ઉપરોકત કરેલ ચર્ચા અનુસાર આરોપીને ઈ.પી.કો.કલમ–૨૭૯ મુજબના ગુનામાં સજા કરેલ હોય તેથી ફરીથી ધી.એમ.વી એકટ કલમ–૧૮૪ મુજબના ગુનામાં અલગથી કોઈ સજા કરવાનો હુકમ કરવામાં આવતો નથી.

(૭)... આરોપી **પરેશભાઈ પરસોત્તમભાઈ મુલચંદાણી રહે.જુલેલાલ સોસાયટી, એફ.સી.આઈ. ગોડાઉનની સામે, તા.જી.ગોધરા**નાએ આ ગુનામાં કરેલ તમામ સજાઓ સી આર.પી.સી.કલમ– ૩૧(૧) અન્વયે

એકી સાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે તેમજ હાલનાં ગુનાનાં કામે અગાઉ કોઈ કેદ ભોગવેલ હોય તો તે સજા સી આર.પી.સી.કલમ– ૪૨૮ અન્વયે આરોપીને મજરે આપવી.

(૮)... આ કામનાં આરોપી **પરેશભાઈ પરસોત્તમભાઈ મુલચંદાણી રહે.જુલેલાલ સોસાયટી, એફ.સી.આઈ. ગોડાઉનની સામે, તા.જી.ગોધરાનાઓને** દોષિત ઠરાવવામાં આવેલ હોય ક્રિ.પો.કો.ક. ૩૬૩(૧)માં ઠરાવેલ જોગવાઈ મુજબ તેઓને ઠરાવની એક નકલ વિના મુલ્યે આપવી.

હુકમ આજરોજ તા.૧૩મી માહે–માર્ચ, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

કઠલાલ.
તા.૧૩–૦૩–૨૦૨૬

**(આદિલખાન લીયાકતખાન પઠાણ)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**કઠલાલ**
**U.I.C.NO.GJ01684**

HRB

જ્યુડી.મેજી.ફ.ક.
કઠલાલ